પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૪૪ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩, રવિવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશની પાંચ કો-ઓપ. બેંક પર પ્રતિબંધ

**નિયમોના ભંગ બદલ રિઝર્વ બેંકની કડક કાર્યવાહી : આર્થિક સ્થિતિ બગડી રહી હોવાથી આવા પગલાંઓ ભરવામાં આવ્યા : આરબીઆઈની પુર્વ સુચના સિવાય ગ્રાહકોને લોન પણ નહી આપી શકે અને કોઈ પણ જાતનો ઉપાડ પણ નહી કરી શકે તેમજ આ સાથે કોઈ નવા કામ પણ નહી કરી શકે**

નવી દિલ્હી, તા.૨૫

ભારતીય રિઝર્વ બેંક અત્યારે કોઈ પણ બેંક નિયમોનો ભંગ કરે તો તેની સામે કડક કાર્યવાહી કરે છે. જે પણ બેંક દ્વારા નિયમોનો ભંગ કરવામાં આવે તરત પગલાં ભરવામાં આવે છે. આરબીઆઈ ગઈકાલ શુક્રવારના રોજ પાંચ કો-ઓપરેટીવ બેંકો પર ઉપાડ સહિત અન્ય પ્રતિબંધ લગાવી દીધા છે. કેન્દ્રીય બેંક દ્વારા બેંકોની આર્થિક સ્થિતિ બગડી રહી હોવાથી આવા પગલાં ભરવામાં આવ્યા હતા. આરબીઆઈ દ્વારા આ નિયમ આગામી છ મહિના માટે લાગુ કરવામાં આવ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકએ આપેલી માહિતી મુજબ હાલમાં એચસીબીએલ કો-ઓપરેટિવ બેંક, લખનઉ, ઉત્તર પ્રદેશ, આદર્શ મહિલા નાગરિક સહકારી બેંક મર્યાદિત, ઔરંગાબાદ, શિમસા સહકારી બેંક નિયમિથા,મદુર, કર્ણાટક પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ બેંકોમાં ગ્રાહકોની જમા રાશી પર ઉપાડ નહી મેળવી શકે. આ ઉપરાંત ઉર્વાકોન્ડા કો-ઓપરેટિવી ટાઉન બેંક, ઉર્વાકોડા, આંધ્ર પ્રદેશ, અને શંકરરાવ મોહિતે પાટીલ સહકારી બેંક (શંકરરાવ મોહિતે પાટીલ સહકારી બેંક) મહારાષ્ટ્રના ગ્રાહકો ૫૦૦૦ રુપિયા સુધીની રકમનો ઉપાડ કરી શકશે. કેન્દ્રિય બેંકના આ પ્રતિબંધ પછી કો-ઓપરેટીવ બેંક આરબીઆઈની પુર્વ સુચના સિવાય ગ્રાહકોને લોન પણ નહી આપી શકે અને કોઈ પણ જાતનો ઉપાડ પણ નહી કરી શકે. તેમજ આ સાથે કોઈ નવા કામ પણ નહી કરી શકે. અને તેની કોઈ સંપત્તિનો ઉપયોગ કે વેચાણ પણ નહી કરી શકે.

## છત્તીસગઢમાં નક્સલી હુમલામાં ૩ જવાન શહીદ

સુકમા, તા.૨૫

છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ત્રણ ડીઆરજી જવાનો શહીદ થયા છે. મૃતકોમાં એએસઆઈ રામુરામ નાગ, આસિસ્ટન્ટ કોન્સ્ટેબલ કુંજમ જોગા અને કોન્સ્ટેબલ વંજમ ભીમાનો સમાવેશ થાય છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સુકમા જિલ્લાના કુંદેડ પાસે નક્સલવાદીઓ અને ડીઆરજી જવાનો વચ્ચે અથડામણ ચાલી રહી છે. આ અથડામણમાં ગોળી વાગવાથી ત્રણ જવાનો શહીદ થયા છે જ્યારે બે જવાનો ઘાયલ હોવાના સમાચાર મળી રહ્યા છે. આજે સવારેથી ડીઆરજી જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. દંતેવાડા અને સુકમાથી ડીઆરજી જવાનો રવાના થયા હતા.

## ટ્રકનું ટાયર ફાટતા બેકાબૂ ટ્રકે ૩ બસોને ટક્કર મારતા ૧૪નાં મોત

**અકસ્માતમાં ૫૦ જેટલાં મુસાફરો ઘાયલ થયા છે : સતનામાં એક કાર્યક્રમમાંથી આ બસો પરત ફરી રહી હતી અને ચા-નાસ્તા માટે રોકાઈ હતી ત્યારે એ જ સમયે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો**

ભોપાલ, તા.૨૫

સીધીમાં ચુરહટ-રીવા નેશનલ હાઈવે પર બડખરા ગામમાં શુક્રવારે રાત્રે એક ભીષણ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૧૪ લોકોનાં મોત નીપજ્યા છે અને ૫૦ જેટલાં મુસાફરો ઘાયલ થયા છે. જે બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૮ લોકોએ તો ઘટના સ્થળે જ પોતાના દમ તોડ્યા હતા. જ્યારે બાકીના લોકોનાં મોત સારવાર દરમિયાન નીપજ્યા હતા. આ અકસ્માત ટ્રકનું ટાયર ફાટતા સર્જાયો હતો. ટ્રકે ત્રણ બસોને ટક્કર મારતા બે બસો ખીણમાં જઈને પડી હતી. અત્યાર સુધીમાં સાત મૃતકોની ઓળખાણ થઈ ચૂકી છે. ત્યારે પોલીસે પણ આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બસો સતનામાં યોજાયેલા કોલ સમાજના મહાકુંભમાં સામેલ થયા બાદ પરત ફરી રહી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને સીએમ શિવરાજસિંહ પણ સામેલ થયા હતા. સીએમ શિવરાજસિંહ સીધીમાં જ હતા. દુર્ઘટનાની જાણ થતાં તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી.

અકસ્માતને નજરે જોનારાઓએ જણાવ્યું કે, ૯ વાગે મોહનિયા ટનલથી થોડે દૂર આ અકસ્માત સર્જાયો હતો. અહીં એક પૂરપાટ ઝડપે આવી રહેલીં ટ્રકે ત્રણ બસોને ટક્કર મારી હતી. બે બસો ૧૦ ફૂટ ઉંડી ખીણમાં જઈને પડી હતી. તો એક બસ હાઈવે પર જ લટકી પડી હતી. ટ્રક સિમેન્ટથી ભરેલો હતો અને ટક્કર માર્યા બાદ પલટી ખાઈ ગયો હતો.










CREDAI GANDHINAGAR | KAAVYARATNA™ GROUP Crafting Landmarks PRESENTS | CREDAI GANDHINAGAR TRI CITY PROPERTY FEST' 2023

## ગાંધીનગરમાં આયોજીત ભવ્ય પ્રોપર્ટી ફેસ્ટનો આજે છેલ્લો દિવસ:

### બે દિવસમાં આખુયે ઉતર ગુજરાત ઉમટી પડ્યું.

### મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર પાટીલ પણ ફેસ્ટના આયોજનથી અતિ પ્રભાવિત

**લેઝર શો, ફિલ્મ, દરેક કલાકે લકી ડ્રો, મોટા ઈનામો માં કાર, રૂ.૧ લાખનું ડીસકાઉન્ટ જેવા આકર્ષણોને કારણે ડોમમાં લોકો ઉમટી પડ્યા.**

શહેરમાં છેલ્લા બે દિવસથી ગાંધીનગરથી ગિફ્ટ સીટી તરફ જતાં તમામ રસ્તાઓ પર ભારે ભીડ જોવા મળી રહી છે અને ગિફ્ટ સીટી આખુયે મુલાકાતીઓથી ઉભરાઈ રહ્યું છે. જેના કારણમાં છે ગિફ્ટ સીટી ખાતે ક્રેડાઈ ગાંધીનગર દ્વારા 'ટ્રાઈસીટી પ્રોપર્ટી ફેસ્ટનું' આયોજન કરવામાં આવ્યું છે. ત્રિદિવસીય આ પ્રદર્શનમાં લોકો સ્વયંભૂ ઉમટી રહ્યા છે. માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ સમગ્ર ઉતર ગુજરાતમાંથી લોકો આ ફેસ્ટ જોવા ઉમટી રહ્યા છે.

માત્ર પ્રોપર્ટી પ્રદર્શન જ નહીં પરંતુ અનેક આકર્ષણો ને કારણે આ ફેસ્ટમાં લોકો ઉમટી રહ્યા છે. જેમ કે ત્યાં એન્ટર થતાં જ દરેક મુલાકાતીને રૂ. એક લાખનું ડિસ્કાઉન્ટ વાઉચર મળી રહ્યું છે. જે વાઉચર થકી આવનારા એક મહિના સુધી ફેસ્ટમાં પ્રદર્શિત કોઈપણ પ્રોજેક્ટમાં બુકિંગ કરાવવાથી રૂ.૧ લાખનો સીધો જ ફાયદો મળશે. આટલેથી જ ન અટકતા આ ફેસ્ટમાં આયોજકોએ એક ભવ્ય લેઝર શો બતાવતો આકર્ષક ડોમ પણ બનાવ્યો છે. જેમાં દર અડધા કલાકે એક ફિલ્મ અને લેઝર શો પ્રદર્શિત થાય છે. જેમાં ગાંધીનગરની ભવ્યતાને પ્રદર્શિત કરતી ટુ સ્ક્રીન ફિલ્મ અને લેઝર શો બતાવામાં આવે છે. આ લેઝર શોમાં ગુજરાતનાં પ્રખ્યાત ગાયક આદિત્ય ગઢવી સ્વરમાં તૈયાર કરેલું અને હાલ ખૂબ વાઈરલ બનેલું ગીત પ્રદર્શિત કરવામાં આવે છે.

આ ઉપરાંત આ ફેસ્ટમાં ગાંધીનગરની હાઉસીંગ અને રેસીડેન્શીયલ એવી શ્રેષ્ઠ ૧૨૦થી વધુ પ્રોપર્ટીઝનું પ્રદર્શન છે. ફૂડ ઝોન છે, અને મુલાકાતીઓનાં ડેટામાંથી દર કલાકે લકી ડ્રો કરવામાં આવે છે જેમાં કાર સહીત અનેક મોટા ઈનામો આપવામાં આવે છે. પ્રથમ દિવસથી જ હાઉસફુલ બની ગયેલા આ ફેસ્ટનું ઉદ્ઘાટન શ્રી સી.આર.પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું. અને ગઈકાલે મુખ્યમંત્રી પણ હાલ ચાલી રહેલા સત્રની વચ્ચેથી ખાસ સમય ફાળવીને આ ફેસ્ટની મુલાકાતે આવ્યા હતા. દરેક સ્ટોલની મુલાકાત લઈ, ભવ્ય ફિલ્મ શો નિહાળી તેઓ પણ અતિ પ્રભાવિત થયા હતાં.

નાના મોટા સૌને મજા પડી જાય અને યાદગાર બની જાય તેવા ફેસ્ટમાં જવા તેમજ પાછા આવવા માટે પણ આયોજકો દ્વારા નિશુલ્ક બસની વ્યવસ્થા કરવામાં આવી છે. જે સવારે ૧૦ થી સાંજે ૭ સુધી દર કલાકે બે સ્થળોથી ઉપડે છે. સ્થળ ૧: હોટેલ પ્રોમીનેન્ટ સરદાર ચોક પાસે, કુડાસણ. સ્થળ ૨: શિક્ષાપત્રી સ્કાય – ૯, હડમતીયા હનુમાન મંદિર પાસે, ટીપી ૯, 'ખ' રોડ પાસે, સરગાસણ

ગિફ્ટ સીટી ક્લબ નજીક આયોજીત આ ફેસ્ટનો આજે છેલ્લો દિવસ હોય. શહેરીજનોએ આ તક ચૂકવા જેવી નથી.

## ગામનું બેસણું



### સ્વ. ચંદ્રકાન્તભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા

(ઉ.વ. ૭૨)

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે,
અમારા મોટાભાઈ તા. ૨૧/૦૨/૨૦૨૩ ને મંગળવારના રોજ નિકુંજવાસ પામેલ છે.
પરમાત્માને ગમ્યું તે ખરું.
સદગતનું બેસણું નીચે જણાવેલ તારીખે રાખેલ છે...

**તા. ૨૭/૦૨/૨૦૨૩, સોમવાર, સમય : સવારે ૯ થી ૧૧ કલાકે,
સ્થળ : શ્રી ઉમિયા માતા સંસ્થાન હોલ, કલેક્ટર કચેરીની સામે,
સેક્ટર : ૧૨, ગાંધીનગર.**

લી.

સ્વ. કિર્તીભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા (ભાઈ)
અશોકભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા (ભાઈ)
સતીષભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા (ભાઈ)
પ્રકાશભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા (ભાઈ)
સ્વ.ચેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા (પુત્ર)
રીતેષભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા (પુત્ર)
કૃણાલભાઈ અશોકભાઈ સુખડીયા (ભત્રીજો)
બ્રીજેશભાઈ કીર્તીભાઈ સુખડીયા (ભત્રીજો)
ધ્રુવિલભાઈ પ્રકાશભાઈ સુખડીયા (ભત્રીજો)
પાર્થભાઈ સતીષભાઈ સુખડીયા (ભત્રીજો)

SINCE 1977 વૃન્દાવન Vraj ni Madhurta

**શ્રી વિઠ્ઠલદાસ પિતાંબરદાસ સુખડીયા,
"વૃન્દાવન પરિવાર".**

નોંધ : "સુખડીયા સમાજનું" બેસણું આ જ સ્થળે બપોરે ૩ થી ૫ કલાકે રાખેલ છે...